સલામી સવારની..

ગૌમાંસ માટે ખાટકી આંખ, ફરતી થઈ જાય છે,
નોટબંધીમાં નોટોની પસ્તી, ફરતી થઈ જાય છે,
દારૂમાં કાયદાની ફજેતી, ફરતી થઈ જાય છે,
'બંધી'માં બધી બદી વાહને, ફરતી થઈ જાય છે...

હાઈકુ

ભ્રષ્ટાચારથી,
કોઈ ક્ષેત્ર ન મુક્ત -
મેરા ભારત...
(મહાન દેશની પ્રગતિ)

ભ્રષ્ટ-આચાર,
ગુપ્ત હતો ત્યાં પણ -
થયો જાહેર...
(બેન્ક-મેનેજરો-લીપેલા)

ચિંતન

'સંત સંગ અપવર્ગ કર, કામી ભવ કર પંથ ॥'

ઉપરોક્ત દોહો ઉત્તરકાંડમાંથી લેવામાં આવેલ છે.

સંતનો સંગ એ મોક્ષનો માર્ગ છે, જયારે કામી જનનો સંગ એ બંધનનો માર્ગ છે. આ જગતમાં ક્ષણભરનો સત્સંગ પણ માનવ માટે ઉત્તમ ખજાનો છે.

સારી સોબત, સંતોનો સમાગમ સ્વાધ્યાય અને સદ્‌ભાચન એ સત્સંગ છે એનાથી મન પવિત્ર અને સારા વિચારોમાં જ પ્રવૃત્ત રહે છે તેથી મન અને આત્માનો વિકાસ સાથે 'પરમ' શાંતિની પ્રાપ્તિ થાય છે.

જયારે દુષ્ટ અને દુર્જનોની સાથે સંબંધ-વ્યવહાર-સંગત રાખવાથી અસંસ્કારની સાથે વિચાર-વાતચીતની આપ-લેથી મન વાણી-વિચાર બગડે છે અને આત્માનું પતન થાય છે.

આત્મોદ્ધાર માટે સ્વાધ્યાય-સત્સંગ ખૂબ જ મહત્ત્વના - જરૂરી છે.

સુવિચાર

- આજે લોકો પાપ ખૂબ જ પ્રસન્નતાથી કરે છે અને પુણ્ય રડી રડીને કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સત્યના બે પ્રકાર છે : એક - જે હાજર છે તે... બે - જે કલ્યાણ કરે છે...
  અધ્યાત્મનો માર્ગ કલ્યાણ કર સત્યને જ મહત્ત્વ આપે છે - **નવનીત**
- જીવનમાં આપણે એ જ આરાધના કરવાની છે કે જેનાથી
  આપણા રાગ અને દ્વેષ ઓછાં થતાં જાય - **જીવનસૂત્ર**
- પાવર કરતાં પ્રેમનું મહત્ત્વ વધારે હોય ત્યાં જ પર્સનલ રીલેશનશીપ જીવી શકે છે - **ડો. પ્રશાંત ભીમાણી**
- આપણી પડોશી ઘોર અંધારે જીવતા હોય ત્યારે આપણા ઘરમાંની રોશની આપણા ભવિષ્ય માટે ખતરનાક બની રહેવાની શક્યતા રહે છે - **મુંબઈ સમાચાર**
- આજકલ લોગ સમજતે 'કમ' ઔર સમજાતે 'ઝ્યાદા' હૈ...
  તભી તો મામલે સુલઝતે 'કમ' ઔર ઉલઝતે 'ઝ્યાદા' હૈ.. - **અનુપમ ખેર**
- આજનું ઔષધ : બાળકને થતા ઝાડામાં તલ તથા સાકરનો ભૂકો મધમાં ચટાડવાથી ફાયદો થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

સંત જેવા સંત પણ કયારેક અશાંત થઈ ગુસ્સે થઈ જાય છે. ક્રોધ, માનસિક શાંતિનો દુશ્મન છે. તેથી જ સંત પુરુષ સતત મન-પર કાબૂ રાખી ક્રોધથી દૂર રહેવું જોઈએ.

સંત ઈબ્રાહીમ ભોજનની તૈયારી જ કરતા હતા ત્યાં ઝૂંપડીના દરવાજે એક વૃદ્ધ આવી ઊભો-અને ખાવાનું માગ્યું.

ઈબ્રાહીમે પોતાને માટે તૈયાર કરેલું ભોજનપાત્ર એ વૃદ્ધને આપી દીધું.

વૃદ્ધે તે ત્યાં બેસીને જ ખાધું - પાણી પીધું ને ઓડખાઈ તૃપ્ત થયો - જવા લાગ્યો. ઝૂંપડીના દરવાજે પહોંચ્યો ત્યારે સંત ઈબ્રાહીમે પોતાની નાખૂશી જાહેર કરતાં કહ્યું - ભાઈ તું કેવો માણસ છે? ભોજન કર્યા પછી ઈશ્વર ખૂદાનો આભાર પણ નથી માનતો ? વૃદ્ધે કહ્યું - 'ઈશ્વરમાં હું માનતો જ નથી ઈશ્વર છે જ નહીં.'

ઈબ્રાહીમ ખૂબ જ અશાંત થઈ ગયા. ઈબ્રાહીમ, ઈશ્વર આવા લોકોને પણ પ્રેમથી સહન કરે છે. તમે અંશાંત ન થાવ.'.. ઈબ્રાહીમ ભ્રાંતિમાંથી જાગ્યા.

ગાજ્યા મેઘ વરસ્યા નહીં

તંત્રીસ્થાનેથી...

ઈસુના નવા વરસની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ ઉદ્‌ભોધન કરી અનેક જાહેરાતો અને આશિંત રાહતો મારફત એમના ગરીભ તરફી અભિગમને દઢીભૂત કરવાની કોશિશ કરી છે, પરંતુ જે પ્રકારની મોટી રાહતોની દેશવાસીઓએ અપેક્ષા રાખી હતી અને મીડિયા જેવી મોટી રાહતોની સંભાવનાનું રંગીન ચિત્ર રજૂ કરતું રહ્યું હતું. એની સરખામણીમાં વડાપ્રધાને કરેલી જાહેરાતોમાં પ્રજાજનોને રાહતો આપવામાં ભારે કરકસર પણ કરી છે. દાખલા તરીકે ખેડૂતોની લોનો 'માફ' કરવાનો મુદ્દો તો આવ્યો જ નહીં. ફક્ત ૬૦ દિવસ પૂરતું એમને લીધેલી લોન પર સરકારી બેંકો કે સહકારી મંડળીઓનું વ્યાજ સરકાર ભરશે. હા, એમને વધુ નાણાંની લોન મળી રહે, એ માટેની યોજના જરૂર જાહેર કરાઈ છે. નાબાર્ડ સસ્તી લોન આપશે, એનો બોજ સરકાર ભરપાઈ કરશે. વડાપ્રધાને જાહેર કરેલ રાહતોમાં ખરો લાભ તદ્દન નીચલા થરના ઘરવિહોણા નાગરિકોને થાય તેવી સંભાવના છે. એમને ઘરના વિસ્તરણ માટે બે લાખની લોન મળશે, વળી ઘર ખરીદનારને મર્યાદિત રકમ સુધી વ્યાજદરની છૂટછાટ મળશે. એ જ રીતે નાના વેપારીઓને ક્રેડિટ ગેરન્ટી બમણી કરાઈ છે.

સિનિયર સિટીઝન સમુદાયને ૭.૫ લાખ સુધીની ડિપોઝીટ પર ૮ ટકા વ્યાજ મળશે, જે તે દર મહિને ઉપાડી પણ શકશે. એ જ રીતે ગર્ભવતી મહિલાઓ માટે રૂ.૬૦૦૦/- ની સહાય યોજનાનો લાભ પણ સવિશેષ ગરીબ અને નીચલા મધ્યમ વર્ગની મહિલાઓ માટે આશીર્વાદરૂપ નીવડશે. હજુ બજેટમાં પણ ગરીબ કલ્યાણ યોજનાઓ જાહેર થશે એવી અપેક્ષા જરૂર રાખી શકાય. પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને વર્તમાન કેબિનેટ મંત્રી વેંકૈયા નાયડુએ મોદીને 'ગરીબોના મહીસા' કહી બિરદાવ્યા છે તો એક સમયે એમની સામે વડાપ્રધાનનાં પ્રતિસ્પર્ધી ગણાતાં વર્તમાન વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે પણ મોદીના વિઝનની પ્રશંસા કરી છે. મોદીએ જે પાંચ વર્ગો માટે રાહતનાં ફૂલ બિછાવ્યા છે તે વર્ગો જરૂર રાજી થશે, પરંતુ મીડિયામાં ચાલી રહેલી અટકળો મુજબ આ વર્ગોએ જરા વધુ રાહતની અપેક્ષા રાખી હતી, તે પણ હકીકત છે. મોદીની એક રજૂઆત જનસાધારણને જરૂર સ્પર્શી જાય એવી રહી. એમણે સવાસો કરોડ દેશવાસીઓ પૈકી ફક્ત ચોવીસ લાખ લોકો જ દસ લાખ ઉપરની આવક દર્શાવે છે, તે હકીકત જણાવીને કરચોરી કરનારો કેવડો મોટો વર્ગ ચૂપચાપ કાળાં નાણાં દબાવીને બેઠો છે, એની જાણકારી આપી એથી ઘણા બધાએ મોદી જે કંઈ કરી રહ્યા છે તે દેશહિતમાં જ કરી રહ્યા છે અને ખોટા લોકોને સાચા રસ્તે લાવી એમની પાસે આવકવેરો ભરાવીને જંપશે, એવી પ્રતીતિ જરૂર થઈ હશે. અગાઉની સરકારોની જેમ મોદી સરકાર ફક્ત આવા લોકોની નાગડદાઈ સામે આંખમિંચામણાં કરીને બેસી નહીં રહે. અને કાનૂનના દાયકામાં લાવી કર વસૂલશે તો દેશમાં વિકાસકાર્યોમાં એ રકમ ખપ લાગશે. વળી પેરેલલ ઈકોનોમી - કાળાં નાણાંનો વહેવાર આંશિક રીતે પણ અટકશે તો ઘર ખરીદવાનું ગરીબ માણસનું સપનું પણ સાકાર થઈ શકશે એવી હૈયાધારણ પણ જરૂર લઈ શકાશે.

પ્રધાનમંત્રી યોજનામાં ૩૩ ટકા વધુ ઘર બનાવી આપવાની યોજના પણ ગરીબ વર્ગને મોટી રાહતરૂપ બની રહેશે. નોટબંધીના બાવનમા દિવસે રાષ્ટ્રજોગનું પ્રવચન કરતી વેળાએ મોદીએ આવું કઠોર છતાં લોકહિતનું પગલું પ્રજાએ ધીરજપૂર્વક માન્ય ઠેરવ્યું, ઘણી મુશ્કેલીઓ વેઠીને પણ વડાપ્રધાનના નિર્ણયને અનુમોદન આપ્યું એ બદલ પ્રજાની ઈમાનદારીની પ્રશંસા કરી હતી. શાળાનો શિક્ષક એક એક મુદ્દો બરાબર સમજાવતો હોય એ શૈલીમાં મોદીએ એમનું ભાષણ રજૂ કર્યું અને પોતે ઉઠાવેલ કદમ વાજબી હતું એવું ઠસાવવા પ્રયાસ કર્યો. એમણે લાલબહાદુર શાસ્ત્રી, જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા અને કામરાજ જેવા નેતાઓ હયાત હોત તો એમને પોતાનું આ પગલું ગમ્યું હોત, એવી રજૂઆત પણ કરી. સારું છે કે આ યાદીમાં એમણે મહાત્મા ગાંધી અને સરદાર પટેલનો સમાવેશ ન કર્યો! સૌથી મોટો પ્રશ્ન એ છે કે મોદી આ પગલું ભરીને એમના પૂર્વસૂરિ અટલબિહારી વાજપેયીની સરકાર વખતે પણ આવું પગલું નહોતું ભરી શકાયું - એમ ગર્ભિત રીતે સૂચવી પોતાની સરકાર તે બધી સરકારોમાં શ્રેષ્ઠ અને સવિશેષ 'ગરીબો'ની સરકાર છે, એ પ્રસ્થાપિત કરવા માગતા હોય એમ લાગે છે.

ઓન લાઈન ચીટીંગ સામે આઈટી એકટ ૨૦૦૦ની કલમ ૪૩ મુજબ વળતર મળશે

સરકારે એડજુડિકેટીંગ ઓફિસરની નિમણુંક કરી

નવા વર્ષમાં ડિજિટલ ઈન્ડીયા બનવા જઈ રહ્યું છે ત્યારે સાયબર ક્રાઈમ રેટમાં મોટો વધારો થઈ શકે છે. ઓન લાઈન ચીટીંગની ફરીયાદના કિસ્સામાં જેને નાણા ગુમાવ્યા હોય તેને આજદિન સુધી કોઈ જ નુકશાન વળતર મળતું ન હતું તેથી લોકો ઓન લાઈન ક્રેડીટ કે ડેબીટ કાર્ડથી શોપીંગ કરવામાં કે ઓન લાઈન ટ્રાન્ઝેકશન કરવાથી ડરતા આવા કેટલાક લોકોએ ડેબીટ ક્રેટીડ કાર્ડ જ કઢાવ્યા ન હોતા.

રાજય સરકારે ઓન લાઈન ક્રાઈમ ઘટાડવા તથા ઓન લાઈન ચીટીંગ સામે નુકશાન વળતર અપાવવા આટી અધિનિયમ ૨૦૦૦ની કલમ ૪૩ મુજબ રાજય સરકારે ૫ કરોડ સુધીનું વળતર જાહેર કરી આવી ફરીયાદ રાજયના ઈન્ફોમેશન એન્ડ ટેકનોલોજી વિભાગમાં નિમાયેલા એડજયુડિકેટીંગ ઓફિસર સમક્ષ સ્વીકારવામાં આવશે તેમ જણાવેલ છે. એડજયુડિકેટીંગ ઓફિસરને સીવીલ કોર્ટના જજ સમકક્ષની સત્તા અને અધિકાર પ્રદાન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભોગ બનનાર વ્યક્તિ પોલીસ સમક્ષ પણ સાયબર ક્રાઈમ અંતર્ગત ગુન્હો નોંધાવી શકશે.

કેટલાક સાયબર ગુનેગારો ગ્રાહકોના ડેટા ચોરી કરી કાર્ડ હેન્ક કરી અથવા તો ખોટા બેન્ક અધિકારી તરીકે ઓળખાણ આપી ગ્રાહકોને ફોન કરી ડેબીટ, ક્રેડીટ કાર્ડની માહિતી પીન નંબર વિગેરે મેળવી ઓન લાઈન શોપીંગ કરી અથવા તો હેન્ક કરી ખાતામાંથી પૈસા ઉપાડી લેતા હતા ત્યારબાદ ફોન બંધ કરી સર્વર બંધ કરી બેસી જતા જેથી પોલીસ તેનું આઈપી એડ્રેસ કે લોકેશન પકડી શકતા ન હતા. ગ્રાહકોના પાસવર્ડ અને કોડ નંબર સફસતાથી મેળવી તેના એકાઉન્ટમાંથી નાણા ચાવ કરવાના ગુન્હામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે.

ડીજીટલ ઈન્ડીયાનું સપનું સાકાર કરવું હોય તો આવા સાયબર ગુન્હાને તાત્કાલીક ઉકેલવા જોઈએ અગર તો જે બેન્ક ગ્રાહકને નુકશાન થાય તેની સામે વીમા કવચ આપી સુરક્ષીત કરી નુકશાન વળતર આપવું જોઈએ.

ભોગ બનનાર ગ્રાહક આઈટી એકટની કલમ ૪૩ મુજબ અથવા ૪૩(એ) મુજબ ગુન્હો નોંધાવી પોતાને થયેલ નુકશાનની વિગતો એડજયુડિકેટીંગ ઓફિસર સમક્ષ રજુઆત કરી ફરીયાદ કરી નુકશાન વળતર મેળવી શકશે. ઓન લાઈન ગુપ્ત ડેટા સાથે છેતરપીંડી આચરવાના કિસ્સામાં અસરગ્રસ્તને નુકશાન વળતર આપવાની જોગવાઈ આઈટી એકટની કલમ ૪૩ તથા ૪૩(એ) અંતર્ગત રાજય સરકારે કરેલ છે. હાલમાં આવી ૧૩ અરજીઓ ન્યાઈક પ્રક્રિયા અંગે રાજય સરકારના ટેકનોલોજી વિભાગમાં પડતર છે.

રાજય સરકારે કરેલ જોગવાઈ મુજબ ડિસ્ક કે સીપીયુ જેવા સાધનો સાથે છેડછાડ કરી નુકશાન કરી આવી ઠગાઈ કરાઈ હોય તેવા કિસ્સામાં પણ વળતર માટે છેતરાયેલ વ્યક્તિ દાવો કરી શકશે. એડજયુડિકેટીંગ ઓફિસરને સીવીલ કોર્ટના જજ સમકક્ષ સત્તા અને અધિકાર આપી જજ બનાવવામાં આવ્યા છે. સાયબર ક્રાઈમની ટ્રેનીંગ લીધેલા ટેકનોલોજી વિભાગના અધિકારીને આ પાવર સુપ્રત કરવાનો કાયદેસરનો પરિપત્ર રાજય સરકારે બહાર પાડી તેની અમલવારી ચાલુ કરેલ છે. આ માટે વળતર મેળવવા માટે ગ્રાહકો ઓન લાઈન ફરીયાદપણ www.dst.gujarat.gov.in પરથી ફોર્મ ડાઉન લોડ કરી ઓન લાઈન ફરીયાદ રજુ

અનુસંધાન પાના નં. ૭ પર

આપણા પોતાના મોજશોખ ભૂલીને આપણું સમગ્ર અસ્તિત્વ બાળકના ઉછેરમાં અર્પણ કરીએ

અમે તો સમંદર ઉલેચ્યો છે, પ્યારા,
નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે;
મળી છે અમોને જગા મોતીઓમાં !

- 'શૂન્ય પાલનપુરી'

આજના આ હાઈટેક યુગમાં આપણે મોટાભાગના લોકોને મોઢે સાંભળ્યું છે કે આવનારી પેઢી ખૂબ જ Sharp અને hyper active હશે. તેમનો ઉછેર કરવા માટે આપણે વધુ જાગૃત રહેવું પડશે. પણ બાળકો કેવા હોય અને તેમનો ઉછેર કઈ રીતે કરવો એના કરતા વધુ અગત્યની બાબત એ છે કે આપણે સારા મા-બાપ કઈ રીતે બનવું ? દરેક મા-બાપ બાળક માટે સર્વશ્રેષ્ઠ સવલતો અને સુવિધાઓ પૂરી પાડવાના પ્રયત્નો કરે છે છતાં શા માટે અમુક બાળકો હતાશ, નિષ્ફળ અને ગુના તરફ ધકેલાઈ જતા જોવા મળે છે ? વડીલોએ આ સંસારરૂપી સમંદરને ઉલેચ્યો છે અને સારા-ખોટાં અનુભવોમાંથી શીખીને તેઓએ એક નિશ્ચિત સ્થાન મેળવ્યું છે. જીવનના અંતિમ તબક્કામાં પ્રવેશેલા વડીલો જયારે પોતાના અનુભવોના આધારે બાળકોને કે યુવાનોને કોઈ વાત સમજાવતા હોય ત્યારે એ બાબતે generation gap અને old fashioned કે outdated ગણાવી દેવાને બદલે જો એને સમજવાની કોશિશ કરવામાં આવે તો તેમણે કરેલી ભૂલોનું પુનરાવર્તન થતું અટકાવી શકાય. ફાધર વાલેસ એક સુંદર વાત કહી છે :

''છોકરાની પાંચમી વરસગાંઠે એની મમ્મીએ ઘરે સારો મેળાવડો ગોઠવ્યો હતો. છોકરાઓ આવ્યાં. એમની મમ્મીઓ આવી; સારું ખાવાનું મળ્યું; સારું પીવાનું મળ્યું, ટોપીઓ મળી, ફુગ્ગાઓ મળ્યા, સિસોટીઓ મળી, જાતજાતની મઝાની રમતો રમાઈ. આનંદની અને ધમાલની વચ્ચે પાંચ વર્ષના છોકરાએ એની મમ્મીની પાસે જઈને પૂછ્યું :

''મમ્મી, આ બધું પૂરું થાય ત્યારે રમવા જઈ શકીશ ને ?''

ખરેખર, આપણે બાળકને શું જોઈએ એ સમજી જ શકતા નથી અને આપણી માન્યતા અનુસાર એને ખુશ કર્યાના વહેમમાં રાચીએ છીએ

તાજેતરમાં આવેલા ત્રણ સુપરહિટ બોલીવુડ મુવીઝની વાત કરીએ તો કદાચ આ બાબતને વધુ સુંદર રીતે સમજી તથા સમજાવી શકાય. Dear Zindgi, Sultan અને Dangal આ ત્રણેય ફિલ્મો જુદા-જુદા વિષયો પર બની છે પણ ત્રણેય ફિલ્મોમાં પણ કોઈ સમાનતા હોય તો તે છે 'Importance of being Parent' 'મા-બાપ બનવાનું મહત્ત્વ'. Dear Zingdi માં શરૂઆતના સમયમાં એટલે કે બાળપણ દરમિયાન માતા-પિતા પોતાના કરિયર અને બિઝનેસમાં એટલા વ્યસ્ત હોય છે કે દીકરીને પર્યાપ્ત સમય આપી શકતા નથી. મા-બાપ માટે પણ બાળકથી દૂર રહેવું કષ્ટદાયક જ હોય છે તેમ છતાં એક બાળકના માનસપટ પર આ બાબતની એક કાયમી અને ઊંડી અસર અંકાઈ જાય છે. જે સમયે બાળકને મા-બાપની સૌથી વધારે જરૂર હોય ત્યારે જો બંને તેને સમય ન આપી શકે તો ભવિષ્યમાં બાળકના abnormal વર્તન માટે તેમજ તોછડા વર્તન માટે તૈયાર રહેવું પડે છે. આપણે ઘણા લોકોને કહેતા સાંભળ્યા છે કે દીકરો કે દીકરી મોટા થયા પછી કોઈની વાત માનતા નથી, મનફાવે તેમ વર્તે છે તો આ બાબત રાતોરાત તેમનાં આવી નથી. તેના બાળપણમાં કંઈક ખામી, કંઈક ત્રુટી રહી ગઈ હશે જેના કારણે તે આ પ્રકારનું વર્તન કરવા પ્રેરાય છે અને વાત વધુ વણસી ગયા પછી ગમે તેટલો સમય આપવા છતાં બાળકમાં ફરી એ વિશ્વાસ મા-બાપ જગાડી શકતા નથી. સુલતાન ફિલ્મમાં પોતાની કરિયર પાછળ પાગલ બનેલો બાપ બાળકને તેમજ પરિવારને તેની જરૂર છે એ વાત સમજી શકતો નથી, જેનું પરિણામ આખા પરિવારને ભોગવવું પડે છે.

ત્રીજી, અને સૌથી વધુ અસરકારક સંદેશ આપનાર ફિલ્મ એટલે દંગલ. દંગલ ફિલ્મમાં પિતા પોતાની નોકરી છોડીને દીકરીઓને તૈયાર કરવામાં જીવન હોમી દે છે. માત્ર એક નાનકડી ઘટના, એક hint પરથી પોતાની દીકરીઓમાં રહેલી ક્ષમતાને ઓળખી તેને નીખારવા માટે તે પ્રયત્નશીલ બની જાય છે. મા-બાપ બંને પોતાની દીકરીઓના ભવિષ્યને વિકસાવવા માટે સમાજ અને દુનિયાથી લડીને પણ પોતાના પ્રયત્નો અવિતરતપણે કર્યા કરે છે. ગમે તેટલી મુશ્કેલીમાં પણ હાર્યા વિના બાળકને લડવા માટે તૈયાર કરવું એ જ એક મા-બાપ માટે પાયાની બાબત હોવી જોઈએ. બાળકને જે માંગે તે લાવી આપવું, તેને હોટલમાં જમાડવું કે થિયેટરમાં મુવીઝ દેખાડવા એ ચોક્કસ સારી બાબત ગણાય પણ એટલું કરવાથી પોતાની ફરજ પૂરી થઈ ગયેલી માનવી એ મા-બાપની ભૂલ છે. બાળકને સૌથી વધુ જરૂર મા-બાપના સમયની હોય છે. તેના ભલા માટે કઈ રીતે તેને કયારેક વઢવું અને કયારેક મનાવી લેવું એ balance કરતાં શીખવું પડશે.

આપણે સૌ જાણીએ છીએ કે મા-બાપ બન્યા બાદ જાણે-અજાણ્યે અન્ય હોંશિયાર બાળકો સાથે સરખામણી કરીને આપણે પોતે જ આપણા બાળકના આત્મસમ્માનને ઠેસ પહોંચાડીએ છીએ. બાળક જીવનમાં સફળ થાય કે નિષ્ફળ એ ભવિષ્યની બાબત છે પરંતુ, એક જાગૃત માતા-પિતા તરીકે મોબાઈલ ફોન, આપણા પોતાના મોજશોખ બધું જ ભૂલીને આપણું સમગ્ર અસ્તિત્વ બાળકના ઉછેરમાં અર્પણ કરીએ તો આવનારી પેઢી ખૂબ સંવેદનશીલ, સફળ અને પોતાના ક્ષેત્રમાં નિપુણ બની રહેશે. અને એ રીતે જ ખુશહાલ, તંદુરસ્ત અને સફળ લોકોનો એક સમૂહ એક નવી સામાજિક ક્રાંતિ લાવી શકશે. જો બાળકનો યોગ્ય ઉછેર કરવાની ક્ષમતા ન હોય તો મા-બાપ બનવાનો આપણને કોઈ હક ન હોઈ શકે. આવો, નવાં વર્ષમાં સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે બાળકરૂપી કુમળા છોડને સમય, પ્રેમ અને હુંફરૂપી ખાતરથી પ્રેમપૂર્વક ઉછેરીશું. તેની નાનામાં નાની વાતને પણ પૂરાં ધ્યાનથી સાંભળશું. તેના માલિક કે અધિપતિ બનવાને બદલે તેના Companion અને સાથીદાર બનવાનો પ્રયત્ન કરીશું.

- nehalgadhavi101@gmail.com

ખાનગી ક્ષેત્રમાં અનામતમાં સૌને ખો આપતું કર્ણાટક



ભારત સરકાર અને રાજ્ય સરકારોની નોકરીઓ વસૂકી જવામાં છે ત્યારે ખાનગીક્ષેત્રને દોહી લેવાના ખેલમાં કર્ણાટકની કૉંગ્રેસ સરકાર મેદાન મારી ગઈ છે.અન્ય રાજ્યો અને કેન્દ્ર પણ એણે અનુસરશે. ક્યાંક અણ્ણા હજારે અને ''લોકસત્તા'' સંસ્થાના જયપ્રકાશ નારાયણના અરણ્યરૂદનને બાદ કરતાં તમામ રાજકીય પક્ષોની નેતાગીરી અનામત પ્રથાને કાયમી ધોરણે અપનાવવા ઉપરાંત એને ખાનગીક્ષેત્રમાં પણ દાખલ કરાવવાની સમર્થક છે. અનામતનો લાભ આપવાની ઘોષણાઓ કરીને મતનો મોલ લણી લેવા સર્વપક્ષી નેતૃત્વ ઉત્સુક છે. કેન્દ્રમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના રાજકીય સંતાન ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યા પછી અનામતપ્રથા વિશે પુનર્વિચારના અણસારે બિહારમાં વિધાનસભા ચૂંટણીમાં તેને હાર અપાવી. સંઘની પ્રતિનિધિસભાના ૧૯૮૧ના ઠરાવ મુજબ, અનામતની કાખઘોડી કાયમ માટે ચાલી શકે નહીં. બિહારમાં પરાજયનાં એંધાણ મળતાંની સાથે જ એ વાતને વિસારે પાડીને યાવતચંદ્ર દિવાકરૌ અનામત પ્રથા ચાલુ રાખવાના આલાપ શરૂ થયા હતા. સ્વયં અનામતના જનક ડૉ.બાબાસાહેબ આંબેડકર દલિતોને '' દસ વર્ષ પછી અનામત પ્રથા રદ થશે એટલે લાયકાત કેળવો'' એવો ઉપદેશ કરી રહ્યા હતા, પણ સમયાંતરે દેશના તમામ રાજકીય પક્ષો તરફથી અનામત પ્રથાના કાયમીકરણનાં વચનો અપાયાં.એટલું જ નહીં, વસ્તીના પ્રમાણ સાથે જોડીને એની ટકાવારીમાં વધારો કરવા ઉપરાંત સરકારી નોકરીઓમાં બઢતીમાં પણ અનામત દાખલ કરવાની ઘોષણાઓ થવા માંડી. સાથે જ ખાનગી ક્ષેત્રમાં પણ અનામત પ્રથાની ફરજ પાડતા કાયદા ઘડીને અનુસૂચિત જાતિ(એસસી), અનુસૂચિત જનજાતિ(એસટી) અને અન્ય પછાત વર્ગ(ઓબીસી)ને રાજી કરવા પણ રાજકીય પક્ષો પ્રયત્નશીલ છે. ઉજળિયાત ગણાતી કોમોને પણ અનામતનો લાભ અપાવવા માટેની ઝુંબેશો ભણી સત્તાધીશોની સહાનુભૂતિ વર્તાય છે. સમગ્ર દેશમાં અનામતનો અજંપો પ્રવર્તે છે.

સરાકરી નોકરીઓ હવે એટલી દૂઝણી રહી નથી. સરકારના પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ મેળવતા ખાનગી ઉદ્યોગ-ધંધામાં નોકરીઓ બેસુમાર છે, એવું લાગતાં રાજકીય પક્ષોની નેતાગીરીની નજર એ તરફ વળી છે. ખાનગી ક્ષેત્રની નોકરીઓમાં પણ અનામત પ્રથા દાખલ કરીને ય મતદારોને રીઝવવાની રીતસરની હોડ લાગી છે. વાતો તો છેલ્લા એકાદ દાયકા કરતાં વધુ સમયથી થતી હતી, પરંતુ દંડાત્મક કાર્યવાહીનો ચીપિયો પછાડીને

- **સરકારી નોકરીઓના દુકાળમાં સર્વપક્ષી ઝુંબેશનો એક જ સૂર**
- **મોદી સરકાર ઉજળિયાતો માટે ખાસ ૨૫ ટકા અનામતની વેતરણમાં**
- **બઢતીમાં અનામતના માયાવતીના આગ્રહને ભાજપ-કૉંગ્રેસનોય ટેકો**
- **અણ્ણા હજારેના મતે અનામતપ્રથા સમાજ અને દેશને માથે ખતરો**

પહેલ કર્ણાટક રાજ્યે કરી છે.

ગુજરાત જેવા ઔદ્યોગિકક્ષેત્રે અગ્રેસર ગણાતા રાજ્યમાં ખાનગી ક્ષેત્રમાં ૮૫ ટકા નોકરીઓ ગુજરાતીઓ માટે અથવા તો રાજ્યમાં છેલ્લાં ૧૫ વર્ષથી વસતા હોવાનું પ્રમાણપત્ર લાવનાર ''ડોમિસાઈલ'' માટે આપવાનું ફરજિયાત છે. કાનૂની જોગવાઈ તો છેક અમરસિંહ ચૌધરીની કૉંગ્રેસી સરકારના વખતથી છે, પણ અમલ ભાજપના ૨૨ વર્ષના શાસનમાં પણ નથી થયો. ઉદ્યોગો અને સત્તાધીશોના મેળાપીપણાએ અહીં આંખ આડા કાન કરવાની નીતિ જાળવી છે. સ્થાનિકોની બેરોજગારી વધી રહી છે અને પરપ્રાંતીયોને રોજગાર મળે એવી દરિયાદિલી ગુજરાતના સત્તાધીશોએ દાખવીને વિકાસની ગાથાને આગળ વધારવાનું ટકાવ્યું છે. તાજેતરનાં જનઆંદોલનો અને બેરોજગારોની વધતી જતી સત્તાવાર ફોજના આક્રોશે શ્રમ મંત્રી રહેલા અને અત્યારના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ પેલા ૮૫ ટકા સ્થાનિકોને રોજગારની કાનૂની પૂર્વશરતનો અમલ કરાવવા માટે ઢંઢોળ્યા છે, પણ એમને ક્યારે ઝોકું આવી જાય એ કહેવું મુશ્કેલ છે. રૂપાણી અમને કહે છે કે નોકરીઓ માટે ઉદ્યોગોને યોગ્ય સ્થાનિકો મળતા નથી!

કર્ણાટકની સિદ્ધરામૈયા સરકારે ઈન્ફર્મેશન ટેક્નોલૉજી અને બાયોટેકનોલૉજી સિવાયના તમામ ઉદ્યોગોમાં ભલે તે ખાનગી ક્ષેત્રના હોય, પણ તેમની બ્લ્યૂ કૉલર જોબનો ૧૦૦ ટકા ક્વોટા સ્થાનિકો એટલે કે કન્નડપ્રજા માટે આરક્ષિત રાખવાની કાનૂની જોગવાઈનો અમલ કરાવવાનું જાહેર કર્યું છે. કર્ણાટકના શ્રમમંત્રી સંતોષ લાડનું કહેવું છે કે જે ખાનગી ઉદ્યોગોમાં વ્હાઈટ કૉલર અને બ્લ્યૂ કૉલર નોકરીઓના ૭૦ ટકા સ્થાનિકોને એટલે કે કન્નડ લોકોને આપવામાં આવી હોય તેમની સામે વાંધો નહીં લેવાય, અન્યથા બ્લ્યૂ કોલર નોકરીઓના ૧૦૦ ટકા સ્થાનિકો માટે અનામત રાખવાની રહેશે. હા, જ્યાં કન્નડ લોકો નોકરીઈચ્છુક ના હોય ત્યાં અન્યોને નોકરીએ લેવાની છૂટ રહેશે. કન્નડ દિવ્યાંગ માટે પાંચ ટકા નોકરીઓ અનામત રાખવી ફરજિયાત રહેશે. શ્રમ વિભાગ આ નિર્દેશોના અમલ અંગે તકેદારી રાખશે.

જોકે કર્ણાટકમાં જોરશોરથી જે ગાજવીજ કરાઈ રહી છે એવી કાનૂની જોગવાઈ ગુજરાતમાં દાયકાઓથી હોવા છતાં એનો અમલ થતો નથી. ખાનગીક્ષેત્રના ઉદ્યોગોને માટે ગુજરાતમાં લાલ જાજમ પાથરવાની પરંપરા તો હતી અને મોદી યુગમાં તો નેનો જેવા અત્યારે બંધ થઈ ગયેલા પ્રકલ્પ માટે જમીન ફાળવણી ઉપરાંત સરકારની સસ્તા વ્યાજની હજારો કરોડ રૂપિયાની લોન પણ અપાઈ હતી. ટાટા જૂથ જેવા માતબર ઉદ્યોગગૃહને આટઆટલી સુવિધા અપાયા પછી પણ નેનોનાં ઉત્પાદનોનો પ્રકલ્પ બંધ થયો. એની જમીન અને લોનનો પ્રશ્ન વણઉકલ્યો છે.

ઉત્તરપ્રદેશમાં બહુજન સમાજ પક્ષનાં સુપ્રીમો માયાવતી મુખ્યમંત્રી હતાં ત્યારથી એમણે પણ ત્રણ બાબતોનો આગ્રહ સેવ્યો છે.(૧)ખાનગી ઉદ્યોગોમાં પણ અનામત ક્વોટા દાખલ કરવામાં આવે. (૨)સરકારી નોકરીઓમાં બઢતીમાં પણ અનામત પ્રથા જળવાય. (૩)ઉજળિયાત વર્ગના આર્થિક રીતે પછાતો માટે પણ સરકારી નોકરીઓ અને શૈક્ષણિક પ્રવેશમાં અનામતની જોગવાઈ રાખવામાં આવે. આજે એકપણ અપવાદ વિના તમામ મુખ્ય પક્ષો ધારાસભાથી લઈને સંસદ સુધી માયાવતીની માંગ-ત્રિવેણીનું રટણ કરે છે. એકમાત્ર અણ્ણા હજારે જેવા સમાજસેવક અને ચળવળકાર અનામત પ્રથાને રાષ્ટ્ર તથા સમાજ માટે ઘાતક ગણાવવાની હિંમત કરીને એની વિરુદ્ધમાં ઝુંબેશ આદરે, ત્યારે આંધ્રના ''લોકસત્તા'' એનજીઓના સૂત્રધાર જયપ્રકાશ નારાયણ જેવા રડ્યાખડ્યાનો જ એને ટેકો મળે છે. પ્રત્યેક રાજકીય પક્ષે લોકપ્રિય નીતિ અનુસરીને સત્તાની ખુરશી સુધી પહોંચવું છે. એટલે અનામત પ્રથાનો અમલ થંભાવવવા કે એને સમાપ્ત કરવાની ભૂમિકા લેવામાં એ પોતે જ

અનુસંધાન પાના નં. ૭ પર